શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે.પી.સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૨૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
હોસ્પિટલના કાર્યરત વિભાગો અને રાહતદરે સુવિધાઓ
- જનરલ મેડીસીન (ફીઝીશીયન)
- જનરલ સર્જરી - લેપ્રોસ્કોપી (દૂરબીન દ્વારા) સર્જરી
- હૃદયરોગની સારવાર (એન્જીયોગ્રાફી તથા એન્જીયોપ્લાસ્ટી)
- કેન્સરને લગતા ઓપરેશન તથા કીમોથેરાપી સારવાર
- મ્હોં-જડબાના રોગના ઓપરેશન - સારવાર
- ઓર્થોપેડિક અને ઘૂંટણ - થાપાના ઓપરેશન - સારવાર
- બર્ન્સ (દાઝેલા)ની સારવાર અને ટ્રોમા (અકસ્માત) સારવાર
- પેથોલોજીકલ લેબોરેટરી - એક્ષ-રે - સોનોગ્રાફી - ઈકો કાર્ડિયોલોજી
- કીડની ડાયાલીસીસ - ડેન્ટલ (દાંત) - ફીઝીયોથેરાપી (કસરત) સારવાર
- યુરોલોજી - મૂત્રાશયને લગતા ઓપરેશન - સારવાર
- ખૂબ જ નજીવા દરે હેલ્થ ચેક-અપ પેકેજ ઉપલબ્ધ
- વીમા કંપનીઓની કેશલેશ સુવિધા તથા સરકારશ્રીની PMJAY - મા યોજના ઉપલબ્ધ
- ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૧ આસો વદ તેરસ, રવિવાર ૧૯ ઓક્ટોબર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૯૫ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# ધનતેરસે સોના-ચાંદીમાં રૂ. 60000 કરોડની ધૂમ ખરીદી

**૫૦૦૦૦ કાર વેચાયાની શક્યતા**

## ધનતેરસે મારૂતિનું વિક્રમી વેચાણ

**હ્યુન્ડાઇના** વેચાણમાં પણ ૨૦ ટકાનો વધારો

**નવી દિલ્હી, તા. ૧૮(પીટીઆઈ):** કાર માર્કેટ લીડર મારુતિ સુઝુકી ઈન્ડિયાએ શનિવારે જણાવ્યું હતું કે તે ધનતેરસ પર ૫૦,૦૦૦થી વધુ વાહનોનું રેકોર્ડ વેચાણ થવાની અપેક્ષા રાખે છે, જ્યારે હરીફ હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાએ પણ ગયા વર્ષની સરખામણીમાં ૨૦ ટકાથી વધુ વૃદ્ધિ નોંધાવી છે, જે લગભગ ૧૪,૦૦૦ યુનિટ છે.

આ વર્ષે ધનતેરસ શનિવાર અને રવિવાર વચ્ચે ગયા વર્ષની જેમ જ બે દિવસમાં ઉજવવામાં આવી રહ્યો છે.

જોકે ઘણા ગ્રાહકો શનિવારે ડિલિવરી લેવામાં ખચકાટ અનુભવે છે, મારુતિ સુઝુકી ઈન્ડિયા આજે લગભગ ૪૧,૦૦૦ ડિલિવરી સુધી પહોંચવાની અપેક્ષા રાખે છે, એમ કંપનીના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસર, માર્કેટિંગ અને સેલ્સ, પાર્થો બેનર્જીએ પત્રકારોને એક વાતચીતમાં જણાવ્યું હતું. આ અત્યાર સુધીની સૌથી વધુ ડિલિવરી હશે, જે અમે કોઈપણ સમયગાળા દરમિયાન કરી છે. વધુમાં, અમે અપેક્ષા રાખીએ છીએ કે બીજા ૧૦,૦૦૦ ગ્રાહકો હશે જેમણે આજે ડિલિવરી લેવામાં ખચકાટ અનુભવ્યો છે, શનિવારને કારણે, તેઓ કાલે ડિલિવરી લેશે એમ તેમણે કહ્યું હતું. તેમણે વધુમાં કહ્યું, "અમે ૫૦,૦૦૦ ના આંકડાને પણ પાર કરવાની અપેક્ષા રાખીએ છીએ."

બેનર્જીએ જણાવ્યું હતું કે, કંપનીની પ્રોડક્શન ટીમ ધનતેરસની માંગને પહોંચી વળવા રજાના દિવસે પણ કામ કરી રહી છે.

કંપનીનું અગાઉનું સૌથી વધુ ધનતેરસ વેચાણ ગયા વર્ષે હતું જ્યારે તેનું વેચાણ લગભગ 41,500 યુનિટ હતું. "GST 2.0 જાદુ" ને કારણે ઘણા ગ્રાહકો શોરૂમમાં આવી રહ્યા છે, તેમણે ઉમેર્યું હતું કે ઘણી જગ્યાએ કંપની બુકિંગ અને ડિલિવરી સમયસર ન થાય ત્યાં સુધી વાહનો આપી શકવાની સ્થિતિમાં નહીં હોય.

આવું જ મંતવ્ય વ્યક્ત કરતા હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા લિમિટેડના એમડી અને સીઈઓ નિયુક્ત તરુણ ગર્ગે જણાવ્યું હતું કે, અમે મજબૂત ગ્રાહક માંગ જોઈ રહ્યા છીએ, ડિલિવરી લગભગ 14,000 યુનિટ રહેવાની ધારણા છે, જે ગયા વર્ષ કરતા 20 ટકા વધુ છે.

**કિંમતી** ધાતુઓમાં જથ્થાની દૃષ્ટિએ ખરીદીમાં ગયા વર્ષ કરતા ૧૦થી ૧૫ ટકાનો ઘટાડો, જો કે કિંમતની દૃષ્ટિએ ખરીદી ખૂબ ઉંચી, ગયા વર્ષ કરતા ૨૫ ટકાનો ઉછાળો

**સોનુ** ખૂબ મોંઘુ હોવાને કારણે આ વખતે ચાંદીમાં ખરીદી વધુ થઇ

**મુંબઇ, નવી દિલ્હી, તા. ૧૮:** કિંમતી ધાતુઓના ખૂબ ઉંચા ગયેલા ભાવ છતાં સોનુ અને ચાંદી બંનેની ખરીદીમાં ધનતેરસના પર્વ પ્રસંગે આજે દેશમાં મોટા પાયે ખરીદી જોવા મળી હતી. જો કે સોનાના ભાવ ખૂબ ઉંચા હોવાને કારણે આ વખતે સોના કરતા ચાંદીની ખરીદી વધી ગઇ હતી. જે ચાંદીમાં પણ મોટો ભાવ વધારો થયો છે પણ તેના કુલ ભાવ સોનાના ભાવ કરતા નીચા છે.

હિન્દુ કેલેન્ડરમાં કિંમતી ધાતુઓની ખરીદી માટેનો સૌથી શુભ દિવસ ધનતેરસ આ વખતે બે દિવસ સુધી ચાલનાર છે. રવિવારે બપોરે 1:45 વાગ્યા સુધી સુધી તે ચાલુ રહેશે. આના કારણે જ્વેલરી સ્ટોર્સ શનિવારે મધ્યરાત્રિ સુધી અને રવિવારે પણ ખુલ્લા રહેશે. જ્યારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ 63 ટકા વધીને 24 કેરેટ (કર સહિત) ના 10 ગ્રામ દીઠ 1,32,000 રૂપિયા થયા - ગયા ધનતેરસ 29 ઓક્ટોબર, 2024 ના રોજ 81,400 રૂપિયા હતા - ચાંદીના ભાવમાં 40 ટકાનો વધારો થયો હતો, છતાં માંગ મજબૂત રહી. દેશના મોટા બજારોમાં, ધનતેરસ પર સોના અને ચાંદીના ભાવમાં સાધારણ ઘટાડો જોવા મળ્યો. મુંબઈમાં, 24 કેરેટ સોનું શુક્રવારે 1,30,000 રૂપિયાથી ઘટીને 1,28,000 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થયું, જ્યારે ચાંદી 1,77,000 રૂપિયા પ્રતિ કિલોગ્રામ થઈ ગઈ હતી. દિલ્હીમાં, સોનું ઘટીને રૂ. ૧,૩૨,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ (રૂ. ૧,૩૪,૮૦૦ થી) અને ચાંદી રૂ. ૧,૭૦,૦૦૦ પ્રતિ કિલો (રૂ. ૧,૭૭,૦૦૦ થી) થઈ ગઈ. સોનામાં રાતોરાત રૂ. ૨૦૦૦ ના ઘટાડાએ ખરીદીને વધુ વેગ આપ્યો. બપોરના ભોજન વિરામ પછી ખરીદીમાં વેગ આવ્યો, ગ્રાહકો રોકાણ માટે ૧-૫૦ ગ્રામના સિક્કા અને બુલિયન તરફ વળ્યા હતા. હળવા ઘરેણાની ખરીદી પણ વધુ રહી હતી.

ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ (GJC) ના ચેરમેન રાજેશ રોકડેના જણાવ્યા અનુસાર, ધનતેરસ ૨૦૨૫ માં ગયા વર્ષની સરખામણીમાં એકંદર વોલ્યુમમાં ૧૦-૧૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ મૂલ્યમાં તીવ્ર વધારો થયો છે. વધેલા ભાવને કારણે મૂલ્યની રીતે ખરીદી વધુ દેખાય છે. તહેવારોનું વેચાણ રૂ. ૬૦,૦૦૦ કરોડને પાર થવાની અપેક્ષા છે જે ગયા વર્ષ કરતા ૨૫ ટકાનો ઉછાળો દર્શાવે છે.



### ધનતેરસે ભારતીયોએ રૂ. એક લાખ કરોડની ખરીદી કરી

**આમાં** સોના-ચાંદીની ખરીદી જ રૂ. ૬૦૦૦૦ કરોડની

આ વર્ષે ધનતેરસ દરમિયાન ભારતીય ગ્રાહકોએ અંદાજે 1 લાખ કરોડ રૂપિયાની ખરીદી કરી છે એમ વેપારીઓના એક સંગઠને શનિવારે જણાવ્યું હતું. સોના અને ચાંદીના ભાવમાં ભારે વધારો હોવા છતાં તેની માંગ સારી એવી રહી હતી. એક અહેવાલ મુજબ, કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (સીએઆઈટી) એ અંદાજ લગાવ્યો છે કે તહેવારોના કુલ ખર્ચમાં ફક્ત સોનાના વેચાણનું આશરે 60,000 કરોડ રૂપિયાનું યોગદાન છે, માત્ર દિલ્હીના સોના ચાંદીના બજારોમાં જ 10,000 કરોડ રૂપિયાથી વધુનું વેચાણ નોંધાયું છે. વેપારીઓના સંગઠનના જણાવ્યા અનુસાર, સોનાના વેચાણ ઉપરાંત, તહેવારે વાસણો અને રસોડાના સાધનોનું વેચાણ અંદાજે 15,000 કરોડ રૂપિયા, ઇલેક્ટ્રોનિક્સ અને ઇલેક્ટ્રિકલ સામાનમાં 10,000 કરોડ રૂપિયા અને સુશોભનની વસ્તુઓ અને ધાર્મિક વસ્તુઓમાં વેચાણ 3,000 કરોડ રૂપિયાનું રહ્યું છે. અને આ આંકડા શનિવાર રાત સુધીના છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ધનતેરસ બીજા દિવસે(રવિવારે) પણ બપોર સુધી ચાલશે તેથી આ આંકડાઓ નોંધપાત્ર વધી શકે છે.



## ઢાકા એરપોર્ટ પર આગ: તમામ ફ્લાઇટો અટકાવી દેવાઇ

**એરપોર્ટના** કાર્ગો ટર્મિનલ પર આગ ફાટી નિકળી, જાનહાનિ કે ઇજાના કોઇ અહેવાલ નહીં

**ઢાકા, તા. ૧૮:** બાંગ્લાદેશની રાજધાની ઢાકાના ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આજે શનિવારે બપોરે ભીષણ આગ ફાટી નિકળી હતી, જેને કારણે એરપોર્ટ પર આવતી અને જતી તમામ ઉડાનો હંગામી રીતે રોકી દેવાઇ હતી.

આ આગ ઢાકા ઇન્ટરનેશનલ એરપોર્ટના કાર્ગો ટર્મિનલ પર આજે બપોરે અઢી વાગ્યાના સુમારે ફાટી નિકળી હતી. આગ એટલી મોટી હતી કે કેટલાક દૂરના અંતરેથી પણ તે જોઇ શકાતી હતી. આગ બપોરે લગભગ 2:30 વાગ્યે ગેટ 8 નજીક શરૂ થઈ હોવાનું જાણવા મળ્યું છે. ફાયર સર્વિસના પ્રવક્તા તલ્હા બિન જાશીમે જણાવ્યું હતું કે નવ ફાયર ફાઇટીંગ યુનિટ તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા, જેમાં પંદર વધારાના યુનિટ રસ્તા પર હતા. ફાયર સર્વિસ અને સિવિલ ડિફેન્સ મીડિયા સેલના અધિકારી તલ્હા બિન ઝાસીમે પાછળથી પુષ્ટિ આપી હતી કે 36 બંબાઓ હવે આગને કાબુમાં લેવા માટે કામ કરી રહ્યા છે, જેમાં મજબૂતીકરણો ઉભા છે.

ઇન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR) અનુસાર, અગ્નિશામક કામગીરી એ બાંગ્લાદેશ સિવિલ એવિએશન ઓથોરિટી, ફાયર સર્વિસ અને બાંગ્લાદેશ એરફોર્સના બે ફાયર યુનિટનો સમાવેશ એક સંકલિત પ્રયાસ છે. પ્રોથોમ અલોના અહેવાલ મુજબ, એરપોર્ટ અને તેની આસપાસ સલામતી સુનિશ્ચિત કરવા માટે બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (BGB) અને નૌકાદળની બે પ્લાટૂન પણ કામગીરીમાં જોડાઈ છે. આ આગમાં કોઇ જાનહાનિ કે ઇજાના તત્કાળ કોઇ અહેવાલ નથી.

આ ઘટના આ અઠવાડિયામાં બાંગ્લાદેશમાં ત્રીજી મોટી આગ છે. અગાઉ, મંગળવારે એક કેમિકલ વેરહાઉસમાં લાગેલી આગમાં 16 લોકોના મોત થયા હતા, અને બીજી આગમાં ચિત્તાગોંગમાં એક નિકાસ પ્રક્રિયા ક્ષેત્રમાં એક કપડાની ફેક્ટરીની ઇમારત નાશ પામી હતી.

### પાક-અફઘાન યુદ્ધ રોકવું સાવ સહેલું: ટ્રમ્પ

**વોશિંગ્ટન, તા. 18 (પીટીઆઈ) :** અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે વધતી જતી દુશ્મનાવટ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે, જો તેમને બંને દેશો વચ્ચેના સંઘર્ષને ઉકેલવો પડે તો તેમના માટે આસાન રહેશે.

શુક્રવારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી સાથે દ્વિપક્ષીય લંચ દરમિયાન મીડિયા સાથે વાત કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે, ''હું સમજું છું કે, પાકિસ્તાને હુમલો કર્યો છે અથવા અફઘાનિસ્તાન પર હુમલા થઈ રહ્યા છે, જો મારે તેનો ઉકેલ લાવવો હોય તો તે મારા માટે આસાન કામ છે.''

ટ્રમ્પે ફરી એકવાર લાખો લોકોના જીવ બચાવવાનો દાવો કર્યો અને ખાતરી આપી કે તેમને અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષને ઉકેલવામાં સફળતા મળશે.

અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું, ''મને લોકોની હત્યાઓ અટકાવવાનું ગમે છે. મેં લાખો લોકોના જીવ બચાવ્યા છે અને મને લાગે છે કે, આ યુદ્ધમાં આપણને સફળતા મળશે.''

દરમિયાન, ટ્રમ્પે ફરી એકવાર આઠ યુદ્ધો ઉકેલવા છતાં નોબેલ શાંતિ પુરસ્કાર ન મળવા પર નિરાશા વ્યક્ત કરી છે.

તા. ૧૮-૧૦-૨૦૨૫નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૬.૮° સે. | ૨૪.૨° સે. | ૫૨% |

## અફઘાનિસ્તાનમાં ત્રાસવાદી અડ્ડાઓ પર પાકિસ્તાનનાં હુમલા

**અફઘાન** સરહદ નજીક પાકિસ્તાનની એક લશ્કરી છાવણી શુક્રવારે થયેલા હુમલા પછી મોડી રાત્રે પાકિસ્તાને હવાઇ હુમલા કર્યા

**ટીટીપીના** હાફીઝ ગુલ બહાદુર ગ્રુપના છૂપા સ્થાનો પર સચોટ હુમલા કરાયાનો પાકિસ્તાની લશ્કરનો દાવો

**જો કે** અફઘાન સરકાર કહે છે કે ત્રણ ક્રિકેટરો સહિત અનેક નાગરિકો આ હુમલામાં માર્યા ગયા



**ઈસ્લામાબાદ, તા.૧૮(પીટીઆઈ):** પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં ત્રાસવાદીઓના છૂપાવાના સ્થાનો પર નવેસરથી હવાઈ હુમલા કર્યા છે, જેમાં ત્રણ ક્રિકેટરો સહિત ઘણા લોકો માર્યા ગયા છે અને બંને દેશો વચ્ચેની લડાઈ હંગામી રીતે અટકાવનાર તકલાદી યુદ્ધ વિરામ વચ્ચે દોહામાં યોજાનાર અપેક્ષિત મંત્રણાઓ પર પણ ઓછાયો છવાઈ ગયો છે.

આ હવાઈ હુમલાઓ ઉત્તર વઝીરીસ્તાનમાં ગઈ કાલે પાકિસ્તાનની એક લશ્કરી છાવણી પણ થયેલા ત્રાસવાદી હુમલા પછી કરવામાં આવ્યા

...અનુસંધાન પાના 11 પર

### મંત્રણા માટે દોહા જઇ રહેલા પાક અને અફઘાન પ્રતિનિધિમંડળો

**ઇસ્લામાબાદ, તા. ૧૮(એપી):** અફઘાન અને પાકિસ્તાની પ્રતિનિધિમંડળો કતારની રાજધાની દોહા જઈ રહ્યા છે જેથી તેઓ તેમની વચ્ચેના ઘણા વર્ષોના સૌથી ભયંકર સંકટને દૂર કરી શકે, એક અઠવાડિયાથી વધુ સમય સુધી ચાલેલી લડાઈમાં બંને પક્ષે ડઝનેક લોકો માર્યા ગયા અને સેંકડો ઘાયલ થયા છે. તાલિબાન સરકારે શનિવારે જણાવ્યું હતું કે અફઘાન પ્રતિનિધિમંડળમાં સંરક્ષણ પ્રધાન અને રાષ્ટ્રીય ગુપ્તચર એજન્સીના વડાનો સમાવેશ થાય છે. એક દિવસ પહેલા રાષ્ટ્રીય પ્રસારણકર્તા પીટીવીએ જણાવ્યું હતું કે એક પાકિસ્તાની પ્રતિનિધિમંડળ

...અનુસંધાન પાના 11 પર

## પાકિસ્તાનની એકે એક ઇંચ બ્રહ્મોસની રેન્જમાં છે: રાજનાથ

**ઓપરેશન** સિંદુર તો માત્ર એક ટ્રેલર હતું એવી સંરક્ષણ મંત્રીની પાકિસ્તાનને ચેતવણી

**લખનૌ** યુનિટમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઇલોના પ્રથમ બેચને રાજનાથે લીલી ઝંડી બતાવી



**લખનૌ, તા. ૧૮(પીટીઆઈ):** સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે પાકિસ્તાનને કડક ચેતવણી આપતા કહ્યું કે પાકિસ્તાનના પ્રદેશનો દરેક ઇંચ બ્રહ્મોસની રેન્જમાં છે અને ઓપરેશન સિંદૂર દરમિયાન જે બન્યું તે તો માત્ર એક ટ્રેલર હતું. તેમણે કહ્યું કે આ ઓપરેશનથી સાબિત થયું કે વિજય ભારત માટે ટેવ બની ગયો છે.

કેન્દ્રીય પ્રધાને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે મળીને અહીં સરોજિની નગરમાં બ્રહ્મોસ એરોસ્પેસ યુનિટમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઈલોના પ્રથમ બેચને લીલી ઝંડી બતાવી. સિંહે બ્રહ્મોસને ભારતની વધતી જતી શક્તિનું પ્રતીક ગણાવ્યું. બ્રહ્મોસ માત્ર એક મિસાઇલ નથી, તે ભારતના વ્યૂહાત્મક આત્મવિશ્વાસનો પુરાવો છે.

...અનુસંધાન પાના 11 પર

